સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

કોઈ એક સમાજને લાંચ દેવાની આ વાત છે,
નીતિ, મૂલ્યો અને કાયદા વિરુદ્ધની આ વાત છે
શું આ વાત છે સમગ્ર લોકસમૂહ - વિકાસની ??
'દેવાં માફ' તો ઠગાઈને પોષવાની વાત છે

હાઈકુ

કરો છો કેમ?
યાદરથી યે લાંબા -
તમારા પગ!!

દેવાં માફી છે -
બેજવાબદારીની -
મૂર્ખ માગણી...

(-તો બધા માલ્યાઓની લોન પણ માફ કરી દો ને!!)

ચિંતન

નિર્ગુણં નિષ્કલં સૂક્ષ્મં નિર્વિકલ્પં નિરંજનમ્ ।
એકમો વાદ્વયં બ્રહ્મ નેહ નાનાઽસ્તિ કિંચન ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે નિર્ગુણ, કલારહિત - નિરવયવ, સૂક્ષ્મ, નિર્વિકલ્પ અને નિષ્કલંક છે તે બ્રહ્મ એક અને અદ્વિતિય જ છે, એમાં કોઈ પ્રકારની અનેકતા નથી.

આપણે 'ચિંતન'માં અનેકવાર અખંડ બ્રહ્મનો વિચાર કર્યો છે. ભગવાન શ્રી કૃષ્ણ એ અર્જૂનને વિશ્વરૂપ - બ્રહ્માંડના દર્શન યુદ્ધ મેદાનમાં કરાવી કહ્યું સર્વસ્વ હું જ છું.

- અને શ્રી રામ ભગવાને કાગ રૂપે રહેલા કાકભૂસંડીને પણ આવી જ રીતે પોતાના ઉદર લઈ જઈ અખંડ બ્રહ્માંડ દર્શાવ્યું છે.

સુવિચાર

- ભીતરે એકલા જવું પડશે, બ્હાર અનેક લઈ જાશે - **સુધીર પટેલ**
- સારા-નરસાની ગણતરી માત્ર પૈસાના ધોરમે કરનાર વ્યક્તિના જીવનના સરવૈયામાં 'સગવડ' ના ખાતામાં નફો અને 'સુખ' ના ખાતામાં ખોટ હોય છે - **અખંડ આનંદ**
- સંસ્કાર વગરની બુદ્ધિ મનુષ્યને અસામાજિક બનાવે છે, બુદ્ધિ વગરના સંસ્કાર મનુષ્યને નમાલો બનાવે છે, બુદ્ધિ અને સંસ્કારના સમન્વયથી થયેલું કાર્ય જ સમાજ માટે મંગલકારી નીવડી શકે - **સંત રોબિન**
- ધનનું સ્થાન તિજોરીમાં હોય ત્યારે વિકાસની અને મગજમાં હોય ત્યારે વિનાશની શક્યતા રહેલી છે - **ચિત્રલેખા**
- 'ધૂળનો પણ ખપ પડશે' એવી ગણતરીમાં જે દરેકની સાથે સલુકાઈથી વર્તવાનો ડોળ કર છે તે વેપારી છે - સજ્જન નહિ - **એસ. ભટ્ટાચાર્ય**
- જયાં સ્વાતંત્ર્ય અદૃશ્ય થઈ જાય છે ત્યાં ઈતિહાસ માત્ર કિસ્મત બનીને રહી જાય છે - **ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન**
- આજનું ઔષધ : પીપરી મૂળ તથા સૂંઠ સરખેભાગે લઈ પાંચ ગ્રામ મધમાં ભેળવી ચાટવાથી વાયુ - કફની ઉલ્ટી મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

માણસને પોતાની તકલીફ જ સૌથી મોટી લાગતી હોય છે. પણ સાચો મોટો માણસ એ છે કે જે પોતાની મોટામાં મોટી તકલીફને નજરઅંદાજ કરે અને સામેવાળાની નાની તકલીફને ખુદ મહેસૂસ કરે. મોહનકાકા જિંદગીભર માધોપુરની આસપાસના પાંચ ગામોમાં વર્ષોથી ટપાલીનું કામ કરતા હતા. એ પાંચે ગામના લોકોને સારી રીતે ઓળખતા હતા.એકવાર એક એવી ટપાલ મળી જે માધોપુરની જ હતી પણ એ સરનામા ઉપર કદી એમને ટપાલ આપવા જવાનું ન હતું. એટલે એ સરનામાના કોઈ વ્યક્તિનો તેમને પરિચય ન હતો. સાંજે એ ટપાલ આપવા એ સરનામે પહોંચ્યા. દરવાજે બેલ મારી, અંદરથી એક યુવતીનો અવાજ આવ્યો. 'કોણ છે?' મોહનકાકા એ કહ્યું, 'પોસ્ટમેન'. અંદરથી ફરી અવાજ આવ્યો, 'ટપાલ દવારાજા નીચેથી સરકાવી દેજો.' મોહનકાકા વિચાર્યું આટલે દૂર હું ટપાલ આપવા આવ્યો અને દરવાજો પણ ખોલતાં નથી. જરાક કડક અવાજમાં મોહનકાકાએ કહ્યું, 'રજીસ્ટર્ડ ટપાલ છે. સહી કરવી પડશે. જરા દરવાજો ખોલો અને બહાર આવો.' દરવાજો ખોલતાં ખાસ્સીવાર થઈ એટટલે મોહનકાકાએ બૂમ પાડી, 'મારે બીજી ટપાલ પણ આપવાની છે, જલ્દી દરવાજો ખોલો.' યુવતીએ દરવાજો ખોલ્યો તો મોહનકાકાના હોશ ઊડી ગયા. કારણ કે પેલી ૧૭ વર્ષની યુવતીનાં બંને પગ કપાયેલા હતા. એણે દરવાજો ખોલીને કહ્યું, 'માફ કરજો વડીલ, મને દરવાજો ખોલવામાં મોડું થયું છે.' મોહનકાકાને ખૂબ શરમ આવી. ટપાલ આપી ચાલ્યા ગયા. આઠ દિવસ બાદ વળી ટપાલ આપવા જવાનું થયું ત્યારે મોહનકાકાએ ડોરબેલ વગાડીને કહ્યું, 'ટપાલ આવી છે. સહી કરવાની પણ જરૂર નથી દરવાજાની નીચે સરકાવી દઉં?' ત્યારે અંદરથી યુવતીએ કહ્યું, આપ ઊભા રહો હું આવું છું.' યુવતીએ દરવાજો ખોલી એક બોક્સ ભેટમાં આવતી વખતે કહ્યું, 'આ બોક્સ તમે ઘરે જઈને ખોલજો.' ઘરે જઈનો બોક્સ ખોલતાં એમાંથી એક જોડી ચપ્પલ નીકળ્યા. મોહનકાકા વર્ષોથી પાંચ ગામમાં વગર ચપ્પલે ટપાલ આપવા ફરતા હતા. પણ કોઈએ એમના પગ તરફ ધ્યાન નહોતું જતું. પણ આ યુવતી કે જેને પગ જ નથી તેણે મોહનકાકાની તકલીફને સમજી લીધી ચપ્પલને છાતી પર લગાડી મોહનકાકા ખૂબ રોયા.

જસદણ : ભાજપ - કોંગ્રેસ માટે કસોટીની એરણ

તંત્રીસ્થાનેથી...

આજે યોજાઈ રહેલા જસદણ - વીંછિયા વિધાનસભા મતવિસ્તારની બેઠક બેઉ પ્રતિસ્પર્ધી પાર્ટીઓ માટે નાકનો સવાલ બની રહેલ છે. કોંગ્રેસના સિનિયર નેતાઓની હરોળમાં ગણાતા કોળી આગેવાન કુંવરજી બાવળિયાએ કોંગ્રેસ દ્વારા થતી ઉપેક્ષાના મુદ્દે પક્ષત્યાગ કરી ભાજપનો કેસરિયો ખેસ પહેરવાનો નિર્ણય લીધો ત્યારે મોદી-શાહની જુગલજોડી જોરમાં હતી. અત્ર તત્ર સર્વત્ર કોંગ્રેસમુક્ત ભારતની ગુલબાંગો ફૂંકનારા આ બેઉ ગુજ્જુ નેતાઓની તાજેતરમાં આવે વિધાનસભાઓનાં પરિણામોએ બોલતી બંધ કરી દીધી છે. પાંચ પૈકી એક પણ રાજયમાં ભાજપ નોંધપાત્ર કહી શકાય એવું પરિણામ મેળવી શકેલ નથી. આથી એકાએક હવામાનમાં પલટો આવી ગયો છે અને કોંગ્રેસ જાણે રાખના ઢગલામાંથી દંતકથાના ફિનિક્ષ પક્ષીની જેમ બેઠી થઈ ગઈ છે. હવે મોદી કે શાહની સામે સૌથી પહેલો પડકાર ગુજરાતમાં જસદણની પેટ ચોળીને ઊભી કરેલી પીડા શમાવવાનો છે. જસદણના અસંતુષ્ટ કોંગ્રેસી ધારાસભ્ય કુંવરજી બાવળિયાને રાતોરાત પ્રધાનપદાની લાલચ આપી ભાજપમાં લાવી દીધા ત્યારે મતદાતાઓ સહિત આખું ગુજરાત દાંતે આંગળી ઘાલી ગયું હતું. પક્ષપલટા કરાવવાની કળામાં માહેર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને નૈતિક રીતે એમાં કશું ખોટું નહોતું વરતાતું. વડાપ્રધાન મોદી પણ કોંગ્રેસને ધોબીપછાડ આપી રહેલા એમના ચાણક્યની વહેવારું રાજનીતિ પર મુસ્તાક હતા. બધાને ખબર હતી કે વર્ષોથી જસદણનું પ્રતિનિધિત્વ કરતા કુંવરજીને પ્રજા ભાજપની ટિકીટ પર ચૂંટણી લડશળે તો પણ રંગેચંગે જિતાડી દેશે. સૌથી અગત્યનો મુદ્દો એ હતો કે વિપક્ષનાં રહી પાંચ વરસ માંખો મારવી એ કરતાં ભાજપની રાજય સરકારમાં કેબિનેટ મંત્રી બનીને કુંવરજી પોતાના વિસ્તારમાં વિકાસનાં વાવેતર કરી શકશે. આવી પૂર્ણ ધારણા સાથે કુંવરજી બાવળિયા એમના સમાજની પરવાનગી લઈને ભાજપમાં પ્રવેશ્યા હતા. એમને માટે પેટાચૂંટણી જીતવી એ ડાબા હાથનો ખેલ લાગતો હતો, કારણ કે એ પ્રધાન તરીકે પોતાની જ બેઠક પરથી ચૂંટણી લડવાના હતા. પરંતુ બદલાયેલા સંજોગોમાં એમના માટે હવે પોતાની જ બેઠક બચાવવી તે લોઢાના ચણા ચાવવા જેવું કામ બની ગયું છે. ભાજપ આ બેઠક જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યો છે, એણે એક એક બૂથ પર ધુરંધર આગેવાનો ઉતાર્યા છે. પરંતુ લોકમત કઈ દિશામાં જશે તે કહેવું કે કળવું અઘરું છે. આથી શાસક પક્ષ ઘણા ટેન્શનમાં આવી ગયો છે. કોંગ્રેસ જો આ પેટાચૂંટણી જીતી જાય તો આગામી લોકસભાની ચૂંટણીમાં એના તરફ રીતસરનો જુવાળ જ શરૂ થઈ જાય એવી દહેશત સાથે ભાજપના નેતાઓ હડિયાપાટી કરી રહ્યા છે. એથી ઉતાવળે ખેડૂતોનાં વીજ બીલ માફ કરવાનો રાજય સરકારે નિર્ણય લઈ લેવો પડ્યો છે. ચૂંટણીપંચ આ મુદ્દે સરકારના કાન આમળી શકે એમ છે કારણ કે પેટા ચૂંટણી હોઈ આચારસંહિતાનો અમલ કરવો પડે એમ છે. રાહુલ ગાંધી ફોર્મમાં આવી ગયા છે. એમને પપ્પુ કહેનારોની બોલતી બંધ થઈ ગઈ છે. જો જસદણની પેટા ચૂંટણીમાં ભાજપને હારનો સામનો કરવો પડશે તો તે એનો માટે આખેઆખું ગુજરાત ગુમાવ્યા જેવી દુર્ઘટના હશે. જસદણ વિજય કોંગ્રેસ માટે દેશભરમાં ઝંઝાવાત ઊભા કરવાનું બહાનું બની શકે એમ છે, એથી ભાજપ માટે એ બેઠક જીતવી એ મોદી-શાહ-રૂપાણી અને વાઘાણી તમામના માટે પ્રતિષ્ઠાનો સવાલ બની ચૂકી છે. ભાજપના પ્રદેશ પ્રમુખને રાજકોટમાં એમ્સ હોસ્પિટલ આપવાની વગર આદેશે જાહેરાત કરવી પડે છે તે જ શું સૂચક નથી ?

ભારતીય પ્રમાણ સમય

મનના ઉમંગો
રણછોડ પરમાર

શાળામાં ભણતા હતા ત્યારે ભૂગોળ વિષયમાં પ્રમાણસમય વિશે ભણવાનું ખાસ આવતું હતું. તે વખતે સાહેબે ભણાવેલું કે જ્યારે સૂરજ બરાબર માથા ઉપર આવે ત્યારે મધ્યાહનવેળા થઈ કહેવાય અને તે સમયે બાર વાગ્યાનો સમય ગણવો જોઈએ. પરંતુ આખા દેશમાં કંઈ એકસાથે બરાબર માથા પર સૂર્ય આવે નહીં. એટલે દેશના કોઈ મધ્યભાગને નિશ્ચિત કરી ત્યાં જે સમયે સૂરજદાદા બરાબર માથા પર આવે ત્યારે સમગ્ર દેશમાં બાર વાગ્યા એમ ગણવામાં આવે છે. આવી રીતે નક્કી કરવામાં આવેલા સમયને પ્રમાણસમય કહેવામાં આવે છે. ભારતનો પ્રમાણસમય અલ્હાબાદ (૮૨.૫ રેખાંશ) પરથી નક્કી કરવામાં આવ્યો છે અને તેને ભારતીય પ્રમાણસમય કહેવામાં આવે છે. અમેરિકામાં આવા ચાર પ્રમાણસમય છે જ્યારે રશિયા જેવા મોટા દેશમાં તેના કરતાં વધુ પ્રમાણ સમય (કદાચ અગિયાર) પણ હોઈ શકે છે. આ બધું મેં મારી નબળી યાદશક્તિને આધારે લખ્યું છે . તેમાં ભૂલચૂક થવાનો ખાસ્સો સંભવ છે. એટલે એમાં જો કોઈ ફેરફાર કે ફારફેર આવી જાય તો તેને ભારતીય પ્રમાણસમયમાં હરહંમેશ થતી વધઘટ સમજી માફ કરવા વિનંતી છે.

આ તો ભૂગોળમાં ભણાવતા પ્રમાણસમયની વાત. ખરેખર તો મારે ભારતમાં કેવી રીતે સમયના પ્રમાણને જાળવવામાં આવે છે અને સમયનું પ્રમાણ કેવી રીતે માણસે માણસે બદલાતું રહે છે તેની થોડીક વાત કરવી છે.

અલ્હાબાદમાં જ્યારે બપોરના બાર વાગે ત્યારે આપણા આખાયે દેશમાં બાર વાગે છે. પણ શું બધાની ઘડિયાળોમાં તે સમયે બાર વાગે છે ખરા ? કેટલાકની ઘડિયાળ આગળ હોય તો બાર ને પાંચ અથવા બાર ને દસ થઈ હશે. એ લોકો સમય કરતાં હંમેશા આગળ રહે છે. પરંતુ તેઓ સમયસર તૈયાર થવામાં કાયમ મોડા પડતા હોવાથી બીજા લોકો કરતા કાયમ પાછળ રહે છે. કેટલાક લોકોની ઘડિયાળ કાયમ પાછળ પડતી હોય છે તેઓ દરેક જગ્યાએ પહોંચવામાં મોડા પડતા હોય છે. કેટલાક લોકો (આમ તો જુજ) નથી ભારતીય પ્રમાણ સમયથી આગળ રહેતા , નથી પાછળ રહેતા. તેવા લોકોને સમયના પાબંદા ગણવા જોઈએ પરંતુ સામાન્ય લોકોમાં તેઓ બોચિયા તરીકે ઓળખાય છે. તેઓ ઓફિસે આવવામાં કદી મોડા પડતા નથી અને બોચિયા તરીકે ઓળખાતા હોવાથી કદી ઘેર વહેલા પણ જતા નથી. હવે આમાં ભારતીય પ્રમાણ સમય કેવી રીતે ગણવો ?

ભારતીય પ્રમાણ સમયની એક સરસ પ્રણાલી છે.આમ તો અમારી કચેરીઓનો સમય સવારના સાડા દસ થી સાંજના છ ને દસનો નક્કી થયેલો છે. અમારા મોટા ભાગના સરકારી કર્મચારીઓ સાડાદસના સમયને ઘેરથી નીકળવાનો સમય સમજે છે. નિવૃત્ત થયા પછી મારા ઘરના ઓટલે ઊભા ઊભા મેં જોયું કે ઘણા તો દરરોજ લગભગ અગિવાર વાગ્યે 'આજ તો બૌ મોડું થઈ

અનુસંધાન પાના નં ૭ પર

સુખ અને દુઃખ બન્નેમાં આનંદ આપે તેવી વીંટી કોણ બનાવશે ?

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'એમાં શું ? હમણાં બનાવી દઉં.' એક કારીગરે ઉત્સાહમાં આવીને કહયું.

'ભાઈ, વાતને સમજ, વીંટી બનાવવાની છે એ વાત સાચી,પરંતુ....' બીજા કારીગરે વાતનો ફોડ પાડવાનો પ્રયત્ન કર્યો.

'વીંટી બનાવવી સહેલી છે ભાઈ, પરંતુ બાદશાહ કહે છે તે મુજબ બનાવવી મુશ્કેલ છે.' ત્રીજા કારીગરે પોતાનો વિચાર મૂક્યો.

રાજાનો દરબાર હકડેઠઠ ભરાયેલો હતો. ત્રણ સુવર્ણકાર કારીગરો રાજદરબારમાં મહેમાન હતા. મલક આખામાં તેમની કારીગરીની મોંફાટ પ્રશંસા થતી. રાજા માટે એક વીંટી બનાવવાની હતી. ત્રણેય કારીગરોએ રાજા માટે વીંટી બનાવવાનું કામ હરખભેર ઉપાડી લીધું હતું.

પણ ખરી મુશ્કેલી હવે શરૂ થઈ હતી. કારણ રાજાએ એક શરત મૂકેલી. શરત એ હતી કે, "વીંટી બનાવતી વખતે એ ધ્યાન રાખવામાં આવે કે, હું જયારે અતિપ્રસન્ન હોઉં, હૃદય ખુશીથી ભરાયેલું હોય અને હું સફળતાને માણતો હોઉં ત્યારે મને સભાન બનાવે, મર્યાદા અને સંયમ રાખતા શીખવે, પણ જયારે હું નિરાશ થયેલો હોઉં, હતાશા મને ઘેરી વળે ત્યારે મને સાંત્વના આપે, તેવા સમયે હું ધીરજ અને ધૈર્ય રાખી શકું. તેવું લખાણ અથવા ચિત્ર-સિમ્બોલ વીંટી પર કોતરેલો હોવો જોઈએ."

આખો દરબાર સ્તબ્ધ થઈ ગયો હતો. વીંટી બનાવવી સહેલી હતી પણ રાજાની શરત આકરી હતી. યોગ્ય અને યથાર્થ એવું લખાણ કે સિમ્બોલીક ચિત્ર કયાંથી લાવવું ? ત્રણેય કારીગરો વિમાસણમાં મુકાઈ ગયા હતા.

પહેલા કારીગરે વીંટી બનાવી. તેણે વીંટી પર એક હસતા બાળકનું ચિત્ર મૂકયું. બીજા કારીગરે પોતે બનાવેલી વીંટી પર દરિયાનું ચિત્ર મૂકયું અને લખ્યું 'ક્ષમા વિરસ્ય ભૂષણમ્.' દરબારીઓ અને ગ્રામજનોએ બન્ને કારીગરોના વખાણ કર્યા. પરંતુ રાજાએ ત્રીજા કારીગરને મોટું ઈનામ આપ્યું સૌને તાલાવેલી હતી કે ત્રીજા કારીગરે વીંટી પર શું કામણ કર્યું ? શું લખ્યું ? કયું ચિત્ર દોર્યું ?

વીંટી પર શું લખવું ? યોગ્ય લાગે તેમ લખવું કેવી રીતે ? સુખ-દુઃખમાં ઉપયોગી બને તેવું અને રાજાને ગમે તેવું લખાણ કયું હોઈ શકે ? જેવા પ્રશ્નો ત્રીજા કારીગર માટે મહત્ત્વના હતા. રાજાની ઉર્મિઓને - લાગણીઓને કાબુમાં રાખે અને રાજા હતાશ હોય ત્યારે તેમાંથી બહાર લાવે, ખરેખર કપરું કામ હતું. ત્રીજા કારીગરે તે સુપેરે પાર પાડયું. સહેલું તો બધા કરે. મુશ્કેલ કામ, કોઈ ન કરી શકે તેવું કામ, કોક કરી બતાવે ત્યારે જગત આવા કાર્યની કદર કરે છે.લોકોને તાળીઓ પાડવાનો મોકો મળી જતો હોય છે. રાજાજી ખુશ હતા. પ્રજા ખુશ હતી. બધા દરબારીઓએ ત્રીજા કારીગરને વધાવી લીધો હતો. તેના કાર્યની પ્રશંસા થતી હતી.

વીંટી પરનુ લખાણ રાજાએ જાહેર કર્યુ. ત્રીજા કારીગરે વીંટી પર કોતર્યું હતું કે, 'આ દિવસો પણ ચાલ્યા જશે.'

સુખી થવા માટેનું આ અદ્‌ભૂત વાકય છે. સુખમાં અને દુઃખમાં બન્ને અવસ્થામાં શાતા આપે તેવું દુર્લભ વાકય છે. જીવનમાં બન્ને પરિસ્થિતિમાંથી દરેકને પસાર થવું જ પડે છે. બન્ને અવસ્થામાં સમતાપૂર્વકનું વર્તન જરૂરી બને છે. સુખમાં ખુશીથી છકી ન જવાય ને દુઃખમાં તૂટી ન જવાય એવું એક સરખું બળ આ વિચારમાંથી મળી શકે છે.

સફળતા -ખુશી પચાવવી અઘરી છે. તેમ દુઃખને જીરવવું પણ એટલું જ કઠિન હોય છે.

ખૂબજ તાકાત વાળું, સુખ અને દુઃખ બન્ને સ્થિતિમાં આનંદ આપે તેવું આ વાકય માનસપટ ઉપર કોતરી રાખવા જેવું છે. અઠવાડિયા પહેલા આ મુદ્દાની ચર્ચા મારા અંગત મિત્રો સાથે કરતો હતો ત્યારે તેમાંના એક મિત્રએ તો ઘરે જઈને પોતાના ડ્રોઈંગરૂમમાં 'આ દિવસો પણ ચાલ્યા જશે.' આ વાકય સખુશી લખાવી દીધું.

મિસરી

સૌ પ્રથમ તો એક ઘટના યાદ કરો
ને પછી એમાંથી દુઃખને બાદ કરો
એથી વધુ શું સુખ હોઈ શકે અહીં
સમી સાંજે તમે મને એક સાદ કરો.
- ગૌરવ શાહ -'એકાંત'

- santoshdevkar03@gmail.com

આદર્શો ગમે તેટલા ઉત્તમ હોય પણ જો આચરણમાં ન ઉતરે તો એ નકામા જ છે

લાગણીનો મેળો
રસિક વાળંદ

ઝાકળ જેવું જીવે માણસ,
અજવાળાથી બીવે માણસ.
જીવતર આપ્યું દોડી દોડી,
ખાલીપાને પીવે માણસ.
- પ્રફુલ્લ વોરા

પ્રત્યેક જીવોને જીવન મળ્યું છે, માણસનેય મળ્યું છે. પણ માણસ જીવવાનું ભૂલી ચૂક્યો છે. જીવન જીવવાની કળા art of living ગુમાવી બેઠો છે, માણસ પોતાની જાતથીય ઘણો દૂર આઘો હડસેલાઈ ગયો છે.

પ્રબુદ્ધજનો પ્રબોધે છે, કોઈ કહે તમે બધું જ ભૂલીને માત્ર ને માત્ર તમારી જાતનો જ વિચાર કરો તો બીજા કહે છે કે ફકત આપણો જ વિચાર કરવાનો ન હોય આપણા સિવાય અન્યનો પણ વિચાર કરીએ... સ્વકેન્દ્રીય નહીં... સર્વકેન્દ્રીય બનીએ...

આ તો થઈ આદર્શની વાતો... આદર્શો ગમે તેટલા ઉત્તમ હોય પણ જો આચરણમાં ન ઉતરે તો એ નકામા જ છે... વાંઝિયા આદર્શોને પંપાળવાનો શો અર્થ ?

દોસ્તો, અમૂલા માનવ્યની ખરી સાર્થકતા તો બીજાના ખપમાં આવવામાં જ છે. આપણે જીવતા છીએ એની પ્રતીતિ બીજાનેય થવી જોઈએ. પરમપિતા પ્રભુએ પ્રેમનું અનોખું રસાયણ સંગોપીને આ પૃથ્વી પર પર મોકલ્યા છે. પરંતુ કમનસીબી એ છે કે માનવી પદ-પ્રતિષ્ઠા ને પૈસામાં મોહાંધ બની સાવ લુખ્ખો - સુક્કો ને બચ્છટ બની ગયો છે.

આ પૃથ્વી લોકમાં સાપેક્ષતાનો કોયદો નિરપવાદ રીતે પોતાની ફરજ બજાવે છે. જેવું વાવશો તેવું લણશો... પ્રેમ આપશો તો પ્રેમ પામશો... ઘૃણા કરશો તો ઘૃણા મળશે... ગાળ દેશો તો ગાળ મળશે... જેવું આપશો તેવું જ પાછું મળશે... બધો જ રોકડિયો વહેવાર ચાલે છે... કયાંક કશું ઉછી-ઉછાર નથી... તેથી જ તો જાતને ચાહીને જગતને ચાહતાં શીખીએ. 'ન એકાકી રમન્તે' જાત સાથે એકલા ન જીવાય... જન્મ સાથે જ અનેક વિધ સંબંધોના તાણા-વાણા ગૂંથાતા જાય છે. એમાં જો ફકત આપણા જ સુખને વળગીને જીવીએ તો એકલા-અટૂલા પડી જવાય. પરંતુ દુઃખની વાત તો એ છે કે બહુજન સમાજની આંખે સ્વાર્થાંધતાની અંધારી બંધાઈ ગઈ છે... એને બીજાનો કદી વિચાર આવતો જ નથી. બસ મારા કામમાં આવે તો ખરું... આવા લોકો જીવતે જીવ પોતાના રચેલા કોચલામાં કેદ થઈ જીવી જાય છે. પોતાની જ કબરમાંથી ધરબાયેલા રહે છે. ભૌતિક સુખોપભોગમાં માણસ અંધ અને બધીર બની ગયો છે. ઈશ્વરદત્ત ખજાના પર જાણે ફણાધારી 'રખો' થઈ બેઠો છે. આમાં તો એની ખુદની અને માનવજાતની પણ જાણે 'રખો' થઈ બેઠો છે. આમાં તો એની ખુદની અને માનવજાતની શરમ છે.

મિત્રો, એક માણસ મૃત્યુ પામે છે. ચિત્રગુપ્ત એના ચોપડા તપાસીને કહે છે કે તમારે ફરીથી પૃથ્વીલોક પર જવું પડશે. પેલો માણસ ના પડે છે કે હવે ફરીથી પૃથ્વી પર જવું શક્ય નથી. કારણ કે ત્યાં તો મારી અંતિમ ક્રિયાઓ પણ પૂરી થવામાં છે. ખૂબ રકઝક પછી ચિત્રગુપ્ત એને પ્રશ્નો પૂછે છે કે દોસ્ત તેં કોઈ દિવસ બીજાનો વિચાર કર્યો છે?

તું કોઈ દિવસ કોઈના પ્રેમમાં પડ્યો છે ? તને કોઈ દિવસ બીજાના સુખનો વિચાર આવ્યો છે? તું કોઈના વિરહમાં રડ્યો છે? તારી ઉપર બીજા વિશ્વાસ મૂકે એવું તે શું કર્યું છે ?

પેલો માણસ બધામાં 'ના' જ પાડ્યા કરે છે. પછી કંટાળીને ચિત્રગુપ્તે કહ્યું કે દોસ્ત, તું 'જીવ્યો' જ નથી તો તને મૃત્યુ પામેલો કેવી રીતે જાહેર કરવો?

આ દુનિયામાં ઘણા એવા છે જે 'જીવ્યા' નથી પણ જીવે છે. જેમની પાસે જીવન છે પણ તેઓ સજીવ નથી.

સ્પર્શમણિ :

ઈશ્વરને આ છ વસ્તુઓ ગમતી નથી.

૧. અભિમાન ભરેલી દૃષ્ટિ, ૨. અસત્યભાસી જીભ, ૩. નિર્દોષને હણનારી શક્તિ, ૪. ભયંકર કલ્પનાઓ કરતી ઊર્મિ, ૫. અસત્યને પડખું દેતી બુદ્ધિ, ૬. ભાઈઓ વચ્ચે કંકાસ જન્માવતી દગાબાજી.

●●●

કામમાં વેઠ ઉતારનારને પણ પૂરો પગાર તો મળે છે. પરંતુ દિલ દઈને કામ કરનારને વધારાનો આનંદ ને આત્મસંતોષ મળે છે. ઉપરી અધિકારી ભલે સર્વિક બુકમાં નોંધ નથી કરતા પરંતુ 'ઈશ્વર' તેની સર્વિસ બુકમાં અવશ્ય નોંધ કરે છે.

- rasikvaland1965@gmail.com
mo. 9913426949

ગીતા વાંચનથી હતાશા દૂર થાય છે, આશ્વાસનોથી ભરપૂર આ ગ્રંથ નિસ્તેજ ને તેજસ્વી બનાવે છે, પાપથી મુક્તિ અપાવે છે

કર્મયોગ-ભક્તિયોગ-જ્ઞાનયોગના સંયોજન સ્વરૂપ ગીતાજીનો ગ્રંથ સમગ્ર માનવજાત માટે ભેટ સમાન છે

અબીલ-ગુલાલ
મમતા રાવલ

ચરોતરના મહેળાવ ગામનો અનુભવ જે આજે આ લખવાની પ્રેરણા બની રહ્યો છે. આજથી લગભગ ૩૦-૩૫ વર્ષ પહેલાં આ ગામ, ભારતના અન્ય ગામો જેવું ઓછી સુવિધાવાળું અને ઓછું વિકસિત હતું. માત્ર તમાકુનું ઉત્પાદન અને પશુપાલન જે ગામની જીવનચર્યામાં વણાયેલું હતું એ નાનકડું-પછાત ગામ મહેળાવ. જ્યાં પિતાજીની બદલી થવાથી પ્રાથમિક શિક્ષણ લેવાનું થયું. હવે તો આ ગામનો ખૂબ વિકાસ થયો છે. બે ગામ વચ્ચે એક શાળા, જ્યાં અભ્યાસ સાથે સામાન્ય ઈતર પ્રવૃત્તિ થતી...અન્ય કોઈ સાધનો ઉપલબ્ધ ન હતા પરંતુ આશાના દીવડા જેવો એક તારો ટમટમતો હતો. ગામમાં નજીકમાં જ એક ઘરમાં બાલ સંસ્કાર કેન્દ્ર ચાલતું હતું. ત્યારે બહુ સમજ નહોતી પરંતુ એક સારી પ્રવૃત્તિ અને વાતો સાથે સંસ્કાર સિંચન એ હેતુ મારે રોજ ત્યાં જવાનું થતું...હાથમાં સુદર્શન ચક્રધારી ભગવાન શ્રીકૃષ્ણનો ફોટો હંમેશા વિસ્મય જગાડતો. યોધ્ધા જેવી એમની મુદ્રા મનમાં છપાઈ ગઈ હતી, પરંતુ હંમેશા પ્રશ્નો જગાડતી...મારા જેવા ઘણા બાળકો અહીં આવતા, સરસ વાર્તા થકી જ્ઞાન અને પ્રાર્થનાથી નવું પામ્યાની લાગણી સાથે ઉછળતા-કૂદતાં, હસતાં-રમતાં બાળપણની હરકતોમાં જોતરાઈ જતાં. આજે પણ એ દૃશ્ય આંખ સમક્ષ તરવરે છે. નિર્દોષ બાળપણમાં આધ્યાત્મિકતાની પ્રથમ પહેલ જ્યાં પડી એ સ્થળ હૃદયની ખૂબ નજીક અનુભવાય છે. ગીતા જ્ઞાનનો ત્યારે પરિચય નહોતો...પરંતુ એ સમય હતો વ્યક્તિત્વ ઘડતરના પ્રાથમિક તબક્કાનો...

જીવન આગળ ચાલ્યું...બહારના સંઘર્ષો માટે પુરતી સાધન સામગ્રી; શિક્ષણ અને અન્ય તાલીમ દ્વારા સાંપડી...જીવન જીવતાં - લડતા ભગવાન શ્રી કૃષ્ણની એ યોધ્ધાની મુદ્રા સતત નજર સમક્ષ રહી, પરંતુ સમય જતાં અંતરમાં ચાલતા દ્વંદ્વોમાં, જ્યાં કોઈ તાલીમ કામ ન આવે ત્યારે સાંભર્યો આ બાળપણની સ્મૃતિમાં સંઘરાયેલો સમૃધ્ધ ખજાનો...જે સુષુપ્ત રીતે વ્યક્તિત્વમાં વણાયેલો હતો.

કદાચ હું પોતે પણ આ આખી વાત વિસરી ચૂકી હતી...પરંતુ આ 'ગીતાજયંતી'ની ઊજવણીનું નિમિત્ત, ગીતાજીની વિસ્તૃત છણાવટ અને ચર્ચાથી મનમાં પડેલ આ બીજ નવપલ્લવિત થઈ ઊઠ્યા. વિદ્વાનો જેવી વિદ્વતા કે જાણકારી પણ નથી કે શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો ઉલ્લેખ પણ કરી શકું...માત્ર અપાર શ્રધ્ધા અને પૂજ્ય ભાવથી શ્રીમદ્ ભગવદ્‌ગીતાને આજે અબીલ-ગુલાલમાં આવરીને ગૌરવ અને આનંદની લાગણી અનુંભવું છું.

દુનિયામાં કોઈ પણ ગ્રંથની જન્મજયંતી ઉજવાતી નથી. જ્યારે હિંદુધર્મના મુખ્યગ્રંથ તરીકે માગસર સુદ અગિયારસ-મોક્ષદા એકાદશીના દિવસે ગીતા જયંતી ઊજવાય છે. આમ તો ગીતા મહાભારતનો જ એક અંશ છે. છ હજાર વર્ષ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણના મુખેથી કહેવાયેલો ઉપદેશ એ ભગવદ્‌ગીતા છે. ગીતામાં અઢાર અધ્યાય અને કુલ ૭૦૦ શ્લોક છે.

શ્રી કૃષ્ણની દિવ્યવાણી-ગીતા એક મહાકાવ્ય છે. ગીતા ભલે હિંદુ ધર્મનો ગ્રંથ છે, પરંતુ એમાં ક્યાંય હિંદુ શબ્દ આવતો નથી. આમ ગીતા સર્વમાન્ય વૈશ્વિક ગ્રંથ છે. એમાં શ્રીકૃષ્ણ યોગેશ્વર સ્વરૂપે છે. ભગવાનના ગુણ પ્રભાવ અને મર્મનું વર્ણન ગીતાશાસ્ત્રમાં અનન્ય રીતે કરાયું છે. ગીતા ભગવાનનો શ્વાસ છે, હૃદય છે. ગીતાજીની તોલે સંસારમાં યજ્ઞ, દાન, તપ, તીર્થ, વ્રત, સંયમ કે ઉપવાસ કશું જ નથી ગીતામાં એ શક્તિ છે, જે વ્યક્તિનું જીવન અને દૃષ્ટિ બદલી શકે છે. સારા આરોગ્યની ચાવી પણ આપણને એમાંથી પ્રાપ્ત થાય છે. સંસારી અને સંન્યાસી બંને માટે ગીતાનું ખૂબ મહત્વ છે. ગાઈ શકાય એવો ગ્રંથ હોવાને કારણે એને માટે 'ગીતા' નામ, મહર્ષિ શ્રી વેદ વ્યાસે પ્રયોજયું છે. શ્રી કૃષ્ણે પોતાના ઉપદેશનો ઘણોખરો અંશ તો પદ્યોમ